**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૪/૦૧/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૫/૧૮**

**પ્રેસનોટ**

**ચોરીની સ્પ્લેન્ડર પ્લસ મો.સા સાથે આરોપીને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે તથા સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો તા:૨૩/૦૧/૨૦૧૮ ના રોજ જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો દીનેશ બાબરભાઈ તથા અપોકો જયેશ વીશાભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે વિંઝોલ ગામ તળાવ પાસે જાહેરમાં એક ઈસમ <u>વિરેન્દ્ર હેમસિંગ જાતે પલાસ ઉ.વ- ૨૧ રહે.વિમાના દવાખાના પાસે છાપરામાં વિંઝોલ ક્રોસીંગ પાસે જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર</u> નાને ચોરીની હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા જેનો આર.ટી.ઓ નં GJ-01-LZ-1576 કિંમત રૂપિયા ૨૫૦૦૦/- સાથે મળી આવતા તેની પૂછપરછ કરતા તેણે આ મો.સા ત્રણેક માસ અગાઉ વસ્ત્રાપુર નર્મદા આવાસ ઔડાના મકાનના બ્લોકના પાર્કીંગમાંથી ચોરી કરેલ હોવાનું જણાવેલ જેથી તેને તા: ૨૩/૦૧/૧૮ ના ક: ૨૦/૩૦ વાગે સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.આ રીતે વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં ૨૫૮/૧૭ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના મો.સા ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.



## બાપુનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ તા.૨૩/૦૧/૧૮ ના રોજ બાપુનગર સી.પો.ઇન્સ. શ્રી વી.જે.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઇ. એમ.કે.ખાંટ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.સુરેશકુમાર ભેમાભાઇ નાની ખાનગી બાતમી હકીકત આધારે ઓઢવ પો.સ્ટે. ફ.૦૮/૧૮ ઇપીકો કલમ ૩૯૨ મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી મોઈનખાન ઉર્ફે મોના સ/ઓ ફીરોઝખાન જાતે પઠાણ ઉ.વ.૧૯ રહે-૧૦૭/૧૮૫૯ ગુ.હા.બોર્ડ સુંદરમનગર બાપુનગર અમદાવાદ નાનો એક ધારદાર ગુપ્તી સાથે મળી આવેલ હોય તેને તા.૨૩/૦૧/૧૮ ના કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરી જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

---

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**